તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૩૪ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૬, સોમવાર ; મહા સુદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## સુનંદા પુષ્કર મોત કેસમાં શશી થરૂરની પુછપરછ

**સુનંદાની હત્યા કોણે કરી તેવા પ્રશ્નો પણ પુછાયા દિલ્હી પોલીસ ટીમ દ્વારા પુછપરછ : વધારે પડતી દવાના કારણે સુનંદાનું મોત થયું હોવાનો શશી થરૂરે કરેલો દાવો**



નવીદિલ્હી,તા. ૧૪

દિલ્હી પોલીસની સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમે (સીટ) દ્વારા શશી થરુરની ફરીવાર પુછપરછ કરવામાં આવી છે. પત્નિ સુનંદા પુષ્કરના મોત મામલામાં કલાકો સુધી પુછપરછ દરમિયાન શશી થરુરને વેધક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. સુનંદા પુષ્કરની હત્યા કરનાર કોણ છે તેવા પ્રશ્નો પણ કરાયા હતા. જો કે, કોંગ્રેસના સાંસદે પુછપરછ દરમિયાન કોઈપણ ગેરરીતિ થઈ હોવાના અહેવાલને રદિયો આપ્યો છે. સમગ્ર તપાસ દરમિયાન થરુરે કહ્યું હતું કે, મોતના મામલામાં કોઈપણ કાવતરુ દેખાતું નથી. દવાઓના કારણે જ સુનંદાનું મોત થયું હોવાનો દાવો શશી થરુરે કર્યો હતો. શશી થરુર માને છે કે, તેમની પત્નિનું મોત વધારે પડતી દવાઓના કારણે થયું હતું. સીટના અધિકારીઓનું કહેવું છે કે, તેમની પત્નિ દ્વારા લેવામાં આવતી દવાઓ અંગે શશી થરુરને પ્રશ્નો કરાયા હતા. દિલ્હી પોલીસના કમિશન બીએસ બસ્સી કહી ચુક્યા છે કે, સુનંદા પુષ્કરનું મોત કુદરતી ન હતું. એક બાબત સ્પષ્ટ થઈ જાય છે કે, મોત કુદરતી ન હતું. હજુ સુધીની તપાસ દર્શાવે છે કે, આમા કોઈ કાવતરુ દેખાઈ રહ્યું છે. પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. જાન્યુઆરી ૨૦૧૫માં દિલ્હી પોલીસે સુનંદાના મોતના સંબંધમાં એક કેસ દાખલ કર્યો હતો. એમ્સ મેડિકલ બોર્ડે પહેલાથી જ કહ્યું છે કે, તેના મૃત્યુ માટેનું કારણ ઝેરી પદાર્થો હતા ત્યારબાદ પોલીસે ૨૦૧૫માં વોશિંગ્ટનમાં એફબીઆઈ લેબમાં સુનંદાના સેમ્પલો મોકલવામાં આવ્યા હતા. જાન્યુઆરી ૨૦૧૪માં નવી દિલ્હીની એક ફાઈવસ્ટાર હોટલમાં સુનંદા મૃત હાલતમાં મળી આવી હતી.

# શેરબજારમાં અફડાતફડી રહેવાના સંકેત

મુંબઈ, તા. ૧૪

૧૨મી ફેબ્રુઆરીના દિવસે પુરા થયેલા સપ્તાહમાં રેકોર્ડ સાપ્તાહિક ઘટાડો થયા બાદ આવતીકાલથી શરૂ થતા નવા કારોબારી સેશનમા ંપણ ભારે અફડાતફડી રહે તેવા સ્પષ્ટ સંકેત છે. કારણ કે વૈશ્વિક પરિબળોની સાથે સાથે સ્થાનિક નબળા પરિબળો પણ દેખાઈ રહ્યા છે. ચાવીરૂપ બેન્ચમાર્કમાં અભૂતપૂર્વ ઘટાડો રહ્યા બાદ કારોબારીઓ નવા સપ્તાહમાં હવે સાવધાનીપૂર્વકનુ વલણ અપનાવી શકે છે. કારણ કે બજેટ આડે પણ ગણતરીના દિવસો રહ્યા છે. ક્રુડ ઓઈલની કિંમતમાં અફડાતફડી, કોર્પોરેટ કમાણીના નબળા આંકડા સહિતના પરિબળોની અસર હાલમાં રહી શકે છે. જીએસટી સહિતના કેટલાક ચાવીરૂપ બિલ પસાર કરવામાં સરકારને સફળતા મળી રહી નથી તેની પણ અસર બજારમાં જોવા મળી રહી છે. ભારતનો જીડીપીનો આંકડો સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં નોંધાયેલા ૭.૭ ટકાની સરખામણીમાં વર્તમાન નાણાંકીય વર્ષના ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં ૭.૩ ટકા રહેતા તેની અસર પણ બજાર પર થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## બેંકિંગ સેક્ટરમાં વધુ સુધારા હાથ ધરાશે

**શેરબજારમાં અફડાતફડીના લીધે ડિસઇન્વેસ્ટમેન્ટ રોકાયું : જેટલી**

નવીદિલ્હી,તા. ૧૪

બેંકિંગ સેક્ટરમાં વધુ સુધારાઓ હાથ ધરવાનો સંકેત આપતા કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, સરકાર સુધારાઓને લઈને મક્કમ છે. જાહેર ક્ષેત્રની બેંકોની સ્થિતિને પણ સુધારવામાં આવશે. બેંકોની ભૂમિકા ઉપર વાત કરતા તેઓએ અનેક મુદ્દા ઉપર વાત કરી હતી. એક બિઝનેસ ફોરમ ખાતે વાતચીત કરતા જેટલીએ કહ્યું હતું કે, સરકાર પીએસબીમાં તેની હિસ્સેદારીને ઘટાડીને બાવન ટકા સુધી કરવા ઈચ્છુક છે પરંતુ સરકાર બેંકિંગ સેક્ટરમાં સંપૂર્ણપણે બહાર નિકળશે નહીં. ફાઈનાન્સિયલ ઈન્કલુશન માટે ઘણું બધુ કામ કરવાનું બાકી છે. સરકાર ઝીરો ટોરરન્સ પ્રત્યે પ્રતિબદ્ધ છે. સંસ્થાઓ પ્રોફેશનલીરીતે આગળ વધે તે માટે સરકાર ઈચ્છુક છે.

ભૂતકાળમાં કરેલી ભૂલોને સુધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. સરકારી બેંકો દ્વારા હાલમાં જ ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં નિરાશાજનક આંકડા કમાણીના જારી કર્યા છે. ભારતીય અર્થતંત્ર ઝડપથી બજારલક્ષી અર્થતંત્ર બની ગયું છે. જેથી ગરીબોના હિતો તરફ વધારે ધ્યાન આપવાની જરૂર છે. જેટલીએ

● અનુસંધાન પાન-૭ પર











સ્વ. ચંદ્રકાંતભાઈ કેશવલાલ સુખડિયા
સ્વર્ગવાસ તા. ૧૫/૨/૨૦૧૫
(મહા વદ ૧૧, વી સ. ૨૦૭૧)

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

ભક્તિ તમે કરી, પુણ્ય અમને મળ્યુ
સંઘર્ષ તમે કર્યો, સુખ અમને મળ્યુ
સેવા તમે કરી, સન્માન અમને મળ્યુ
કાયમ આપના આર્શિવાદ મળતા રહે

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે,
એજ પ્રાર્થના

લી. રાધે સ્વીટ્સ પરિવાર, ગાંધીનગર

રાધે Prem Ni Mithaas